# સાંદીપનિ સ્કુલ ઓફ એકસલન્સમાં સફળ થઇ રહેલા પ્રયોગો

**ગાંધીનગરમાં લગભગ ૨ મહિના પહેલા ટીચર્સ યુનિવર્સિટી દ્વારા તેના કેમ્પસની અંદર એક્સ્પરીમેન્ટલ સ્કુલ ચાલુ કરવામાં આવી હતી. આ એક્સ્પરીમેન્ટલ સ્કુલ ચાલુ કરતા પહેલા વર્ષ ૨૦૧૭ના ઉનાળુ વેકેશનમાં ટીચર્સ યુનીવર્સીટીના B.Ed.ના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ગાંધીનગરની આસપાસના વિસ્તારમાં લગભગ ૪૦૦૦ જેટલા લોકોનો એક સર્વે કરેલ હતો.**

## આ સર્વેમાંથી કેટલાક મુદ્દાઓ નીચે પ્રમાણે હતા.

૧. ગાંધીનગર ક્ષેત્રમાં સરકારી સ્કૂલો ઘણી છે, પરંતુ અંગ્રેજી માધ્યમની એક પણ સરકારી સ્કુલ નથી.

૨. લોકોની અપેક્ષા પ્રમાણે અંગ્રેજી માધ્યમની એક જુદા જ પ્રકારની સ્કુલ હોવી જોઈએ. જુદા પ્રકારની એટલે કે ટેકનોલોજી ક્ષેત્રમાં પ્રાઇવેટ સ્કૂલો કરતા પણ શ્રેષ્ઠ હોય તેવી અને સર્વાંગી વિકાસ પર ધ્યાન આપતી હોય.

આ સર્વેમાંથી એ પણ નીકળ્યું હતું કે, વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ વચ્ચે જે ગળાકાપ સ્પર્ધા રહેલી છે, તેનાથી વિરુદ્ધ દરેક બાળકની અંદર રહેલી પ્રતિભાને ઓળખીને તેની યોગ્યતા પ્રમાણે તેમાં સાહિત્યિક, તકનીકી, નાટ્ય, નૃત્ય, ફિલ્માંકન, ખેલ-કુદ ઉપરાંત સંગીત જેવી વિદ્યાર્થીઓમાં જે બાળકોની ખાસ અભિરુચિ હોય તેમને જે-તે વિષયના તજજ્ઞો દ્વારા ખાસ તાલીમ આપીને, તેમના જીવનમાં તેમની પસંદગીની હોબીનો આનંદ લઇ શકે, પછી ડોક્ટર કે એન્જીનીયર બનવાની હોડમાં સામેલ થાય તેવા ક્રિએટીવ માનવ શ્રેષ્ઠ સમાજમાં ઉત્પન્ન થાય તેવા વિઝન અને મિશન સાથે ગાંધીનગરની ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા તેમના કેમ્પસની અંદર એક એક્સ્પરીમેન્ટલ સ્કુલ શરુ કરવાનો વિચાર મુકવામાં આવ્યો.

આ યુનિવર્સિટીનું એમ.ઓ.યુ. ફિનલેન્ડની હેલસિંકી યુનિવર્સિટી સાથે છે ફિનલેન્ડનું ટીચર એજ્યુકેશન સમગ્ર વિશ્વમાં નંબર – ૧ ગણાય છે. તેના ટીચર એજ્યુકેશનના ડીન ડો. યારી લેવોનેનની સાથે સંપર્કમાં રહીને યુનિવર્સિટીએ વિશિષ્ટ પ્રકારના ક્લાસરૂમ તૈયાર કરાવ્યા છે.

ધો. ૬, ૭, ૮ ના એક એક ક્લાસમાં યુનિવર્સિટીને મળેલી મંજુરીની સામે અડધાથી પણ ઓછા વિદ્યાર્થીઓ (૪૫ ની સામે ૨૦) ને એડમીશન આપીને શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો રેશિયો ઓછો કર્યો છે, જેથી દરેક વિદ્યાર્થી પર વધારે ધ્યાન આપી શકાય.

તે ઉપરાંત દરેક વિદ્યાર્થીને એક iPad, દરેક ક્લાસમાં ઇન્ટરએક્ટીવ ટેલીવીઝન, એક જાણીતી કંપનીનું ઈ-કન્ટેન્ટ વગેરેથી સજ્જ 'સાંદીપનિ સ્કુલ ઓફ એકસલન્સ' ખરેખર ભાર વિનાનું ભણતર પ્રદાન કરવામાં નંબર-૧ પુરવાર થયેલ છે.

**આજ રોજ, જ્યારે સ્કુલના ૪૦ દિવસો પુરા થયા ત્યારે, સ્કુલ મેનેજમેન્ટ કમિટીના વડા અને ટીચર્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. શશીરંજન યાદવે ગાંધીનગર સમાચારને ખાસ વાતચીતમાં જણાવ્યું કે માત્ર ૪૦ દિવસોમાં બાળકોના પરફોર્મન્સમાં નોંધપાત્ર ફરક પડ્યો છે, જે નીચે પ્રમાણે છે.** (વિદ્યાર્થીઓના નામ બદલેલ છે)

૧. સુલોચના નામની ધો. ૭ની એક બાળકીના મમ્મીના જણાવ્યા અનુસાર સુલોચના અગાઉ એક પણ અંગ્રેજી શબ્દ બોલી શકતી ન હતી. જે હવે ૪૦ દિવસ પછી ઘણું સારું અંગ્રેજી બોલી શકે છે અને અંગેજીમાં સામાન્ય વાતચીત કરી શકે છે.

૨. નિકુંજ નામના ધો. ૬ના વિદ્યાર્થીના પિતાજી જણાવે છે કે નિકુંજ અગાઉ અત્યંત શરમાળ, અંતર્મુખી અને ઓછાબોલો હતો. જે આજે ૪૦ દિવસ પછી ખૂબ જ આત્મવિશ્વાસથી ભરપૂર, અત્યંત બોલકો અને થોડાક અંશે બહિર્મુખ બન્યો છે.

ગુજરાતના જાણીતા કવિ શ્રી અનીલ ચાવડાએ સ્કુલના બધા જ વિદ્યાર્થીઓનો કવિતા રચના અંગેનો વર્કશોપ કર્યો હતો. જેમાં શરૂઆતમાં કવિતાના લક્ષણો, રચના ઉપરાંત વિચારોને કવિતામાં કેવી રીતે ઢાળવા જેવા વિચારો શીખવાડ્યા. પ્રસિદ્ધ ગુજરાતી બાળગીત 'એક બિલાડી જાડી' ને સામે ધરીને તેમણે બાળકોને એક નવી કવિતાની રચના કરવાનો પડકાર આપ્યો.

બાળકોના ગ્રુપ ડિસ્કશનમાં કોર્ડીનેશન કરતા શ્રી અનીલ ચાવડાએ કહ્યું હતું કે આ તો ખરેખર ગજબનું છે. ઘણા બાળકોમાં સાહિત્યિક પ્રતિભા મનને આનંદિત તથા ઉદ્વેગીત કરી રહી છે. બાળકોની વચ્ચે એક દોઢ કલાકના સંવાદ પછી જે કવિતાનું સર્જન થયું છે, તે વાચકોના રસપાન માટે નીચે આપેલી છે.

"એક વાંદરો કાળો
એણે તોડ્યો માળો
ઝાડ ઉપર ચડતોતો
ફળ તોડી ખાતોતો
ખાતા જોયું મોટું ફળ
ફળ તોડવા વાપર્યું બળ
પંખી એ એને જોયો
જોતા ગુસ્સો આયો
પંખી એ મારી એને ચાંચ
વાંદરાએ મારી સામે લાત
લાત મારતા તૂટી ડાળી
હસીને ચકલીએ મારી તાળી
વાંદરો પડ્યો ધડામ દઈ
ચકલી આવી પાણી લઇ
વાંદરો સમજ્યો ફળ છે
ચકલી કહે ના ના મારું ઘર છે
સોરી સોરી થઇ ગઇ ભૂલ
વાંદરાએ કરી ભૂલ કબુલ"

ધો. ૬, ૭, ૮ ના ૧૧ થી ૧૩ વર્ષની વચ્ચેના, ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રોના બાળકો દ્વારા લખાયેલી આ કવિતા મૂળ કવિતાની જેમ જ ઉંચાઈઓ આંબતી, કલ્પના અને વિચારોના ભવરમાં હાલતી-ડોલતી, ગગનની ઉંચાઈઓ પર પહોચતી દેખાય છે. નાની કક્ષાઓમાં આ પ્રકારનો પ્રયોગ થઇ શકે તેવા ઉદ્દેશ્યથી સ્થાપિત આ સ્કુલની કલ્પના આજે પરિપૂર્ણ થઇ રહેલી દેખાય છે.

સાંદીપનિ સ્કુલ ઓફ એકસલન્સના ટ્રસ્ટી મંડળના એક સદસ્ય, ડો રવિરાજ રાજપુરાએ જણાવ્યું કે ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રસાર માટે નાનપણથી આ પ્રકારના કાર્યક્રમો કરવામાં આવે તો ભાષાના પ્રચાર અને પ્રસાર સંવર્ધનમાં મદદરૂપ થાય.

દુનિયામાં ૨૭ કરોડ અંગ્રેજી બોલતા લોકો સાથે અમેરિકા અંગ્રેજી ભાષામાં અગ્રણી દેશ છે. ભારત વિશ્વમાં અંગ્રેજી બોલતા લોકોના સંદર્ભમાં ૧૨ કરોડ લોકો સાથે બીજા સ્થાને છે. મહાત્મા ગાંધીનું કહેવું હતું કે ભારતનો વિરોધ અંગેજી સામે નહિ, પરંતુ અંગ્રેજીયત સામે છે.

**સાંદીપનિ સ્કુલ ઓફ એકસલન્સના વિઝન પ્રમાણે ગુજરાતી ભાષામાં કવિતા લખી શકતો બાળક અંગેજી ભાષા પર પ્રભુત્વ ધરાવતો હોય તો તે સોને પે સુહાગા જેવી વાત થશે.**

## આ સ્કુલે તેના ધો. ૬, ૭, ૮ ના ૬૦ બાળકોને વિભિન્ન કેટેગરીમાં મુક્યા છે.

લેવલ – ૧, અંગ્રેજીમાં તકલીફ પડતી હોય તેવા વિદ્યાર્થીઓ
લેવલ – ૨, અંગ્રેજી બોલી શકતા હોય પરંતુ ગ્રામરની દ્રષ્ટીએ સાચા ના હોય તેવા વિદ્યાર્થીઓ
લેવલ – ૩, યોગ્ય રીતે અંગ્રેજી બોલી, વાંચી, સમજી શકતા હોય તેવા વિદ્યાર્થીઓ

સાંદીપનિ સ્કુલે આ ૩ લેવલના વિદ્યાર્થીઓ માટે ૩ શિક્ષિકાઓ મુકેલ છે, જેઓ અદભુત લગન અને સમર્પણ દ્વારા પોતાને સોંપેલા બાળકોને રોજ લગભગ ૧ થી ૨ કલાક સુધી તેમને આવશ્યક હોય તેવી તકનીક સાથે અંગ્રેજી ભણાવતા હોય છે. સ્પોકન ઈંગલીશ ભણાવવાની આ એક વિશિષ્ટ પદ્ધતિના લીધે મોટાભાગના બાળકોની અંગ્રેજી બોલવાની છટા, તેમના વાક્યોના સંગ્રહમાં નોંધપાત્ર સુધારો થયો છે, તેવું તેમના વાલીઓ અને શિક્ષકોનું કહેવું છે. નિહાર નામના વિદ્યાર્થીના મમ્મી સોનલબેન કહે છે કે તેમનું બાળક નીડર, કોન્ફિડન્ટ અને સૌથી વધુ તો અત્યંત પ્રસન્ન રહે છે.

સ્કુલની મુલાકાતે આવેલ એક સરકારી અધિકારી, બાળકો જે રીતે વડીલોને પગે લાગતા હતા તે જોઇને આનંદ અને આશ્ચર્ય વ્યક્ત કર્યો. સ્કુલની લોબીમાં આ વાતચીત ચાલતી હતી તેટલામાં ધો. ૭ ના ૨૦ વિદ્યાર્થીઓ અત્યંત સહજતાથી ત્યાં ઉભેલા કુલપતિશ્રીને એક પછી એક - વારા ફરતી પગે લાગીને પસાર થયા.

**સાંદીપનિ સ્કુલ ઓફ એકસલન્સ ખાતે હિન્દુસ્તાની પૌરાણિક કથાઓના માધ્યમથી ક્રિએટીવીટી, ઇનોવેશન, પ્રોબ્લેમ સોલ્વીંગ, ક્રીટીકલ થીંકીંગ વગેરે શીખવતા અધ્યાપકો બાળકોમાં આવા પ્રકારના સંસ્કારોનું સિંચન કરી રહ્યા છે, જેથી ભવિષ્યમાં આ બાળકો ભારતીય સંસ્કૃતિ, વૈશ્વિક દર્શન અને તકનીકી આ ત્રણેયના સમન્વય સાથે ભારતને વિશ્વગુરુના સ્થાને પુનઃસ્થાપિત કરશે તેવી સૌની લાગણી છે.**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com